# Visit of Minister of State for External Affairs, Shri V. Muraleedharan to Nigeria (August 22-23, 2022)

## રાજ્ય કક્ષાનાં વિદેશ મંત્રી શ્રી વી. મુરલીધરનની નાઇજીરિયાની મુલાકાત (22-23 ઓગસ્ટ, 2022)

25 ઓગસ્ટ, 2022

વિદેશી બાબતો અને સંસદીય બાબતોનાં રાજ્ય કક્ષાનાં મંત્રી શ્રી વી. મુરલીધરન દ્વારા 22-23 ઓગસ્ટ 2022 નાં રોજ નાઇજીરિયાની અધિકૃત મુલાકાત લેવામાં આવી હતી. આ તેઓની નાઇજીરિયાની દ્વિતિય મુલાકાત હતી, અગાઉ તેઓએ નાઇજીરિયાનાં લોકશાહી દિવસમાં હાજરી આપવા જૂન 2019 માં મુલાકાત લીધી હતી.

2. આ મુલાકાત દરમિયાન, રાજ્ય કક્ષાનાં મંત્રીએ નાઇજીરિયાનાં રાષ્ટ્રપતિ મુહમ્મદ બુહારીની શુભેચ્છા મુલાકાત લીધી હતી. રાજ્ય કક્ષાનાં મંત્રી નાઇજીરિયાનાં વિદેશ મંત્રી જ્યોફ્રી આનીયેઆમા અને સંરક્ષણ મંત્રી મેજર જનરલ બશિર માગાશી (નિવૃત્ત) ને મળ્યા હતા અને ભારતીય સમુદાય સાથે સંવાદ પણ કર્યો હતો. નાઇજીરિયાનાં પ્રતિષ્ઠિત લોકો સાથેની રાજ્ય કક્ષાનાં મંત્રીની મીટિંગ દરમિયાન, વ્યાપાર અને રોકાણ, ઊર્જા, શિક્ષણ, આરોગ્ય, સંરક્ષણ, સાંસ્કૃતિક અને લોકોનાં પરસ્પરનાં જોડાણોમાં સહકારની ચર્ચા કરવામાં આવી હતી. પારસ્પરિક હિતનાં પ્રાંતિય અને વૈશ્વિક મુદ્દાઓની પણ ચર્ચા કરવામાં આવી હતી.

3. આ મુલાકાત દરમિયાન, રાજ્ય કક્ષાનાં વિદેશ મંત્રીએ વ્યાપાર અને રોકાણ મંત્રી શ્રીમાન ઓટુંબા રિચાર્ડ નિયી અડેબાયો, ઊર્જા મંત્રી એન્જીનિયર અબુબાકર ડી. અલિયુ, ખાણ અને સ્ટીલ વિકાસ મંત્રી ડૉ. ઓલામિલેકાન ઓડેગબાઇટ, કાનો સ્ટેટનાં ગવર્નર શ્રીમાન અબ્દુલ્લાહી ઉમર ગાંડુજે, નાઇજીરિયાનાં વિદેશી બાબતોનાં રાજ્ય કક્ષાનાં મંત્રી એમ્બેસેડર ઝુબેઇરૂ ડાડા સાથે તાજેતરમાં લોન્ચ કરવામાં આવેલ નાઇજીરિયા-ઇન્ડિયા બિઝનેસ કાઉન્સિલ (NIBC) ની પ્રારંભિક મીટિંગમાં પ્રેરક સંબોધન કર્યું હતું. નાઇજીરિયાની સરકારનાં વરિષ્ઠ અધિકારીઓ, અને ભારત અને નાઇજીરિયાનાં વિશાળ સંખ્યામાં ઉદ્યોગ પ્રતિનિધિઓએ આ ઇવેન્ટમાં હાજરી આપી હતી.

4. રાજ્ય કક્ષાનાં મંત્રીએ આશરે 200 જેટલા ભારતીય સમુદાયનાં સભ્યો સાથે સંવાદ પણ કર્યો હતો જેઓએ હાઇ કમિશનર દ્વારા યોજવામાં આવેલ સામુદાયિક રીસેપ્શનમાં હાજરી આપી હતી.

5. રાજ્ય કક્ષીનાં મંત્રીની નાઇજીરિયાની મુલાકાતે ભારત અને નાઇજીરિયા વચ્ચે પ્રવર્તમાન બહુઆયામી દ્વિપક્ષીય સંબંધોને વધારે સઘન બનાવ્યા હતા. NIBC ની પ્રારંભિક મીટિંગમાં રાજ્ય કક્ષાનાં મંત્રીની સહભાગીતાએ નાઇજીરિયા સાથેની દ્વિપક્ષીય આર્થિક ભાગીદારીને નવો વેગ પ્રદાન કર્યો હતો.

**અબુજા**

**25 ઓગસ્ટ, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.